ગાંધીનગર શહેરની જમીનનો વિકાસ
દર સુધારવા બાબત.

---

ગુજરાત સરકાર,
માર્ગ અને મકાન વિભાગ,
સરકારી ઠરાવ ક્રમાંક: એલએનડી/૧૦૮૮/વિકાસદર/(૨૫૬)/આર.૧
સચિવાલય, ગાંધીનગર,
તારીખ:– ૨૬–૮–૨૦૦૩

વંચાણમાં લીધા:–

૧. સરકારશ્રીના મા.મ.વિભાગનો તા.૨૯/૬/૮૮ નો ઠરાવ ક્રમાંક:એલએનડી/૧૦૭૯/૫૯૦, ભાગ–૩ આર.
૨. સરકારશ્રીના મા.મ.વિ.ના તા.૧/૧૨/૯૩, તા.૧૬/૭/૯૭ અને તા.૭/૧૧/૨૦૦૦ ના સરખા ક્રમાંકના ઠરાવો.

**પ્રાસ્તાવિક:–**

વંચાણમાં લીધા ક્રમાંક(૧) ના ઠરાવથી ગાંધીનગર શહેરની જમીન ફાળવણીની સર્વગ્રાહી નીતિ નક્કી કરવામાં આવેલ છે. આ ઠરાવના ફકરા નં.૩.૭(૬) માં જમીનના પ્રવર્તમાન વિકાસ દરમાં સરકારશ્રીની મંજુરી લઈને ફેરફાર કરવા અંગેની જોગવાઈ કરવામાં આવેલ છે. તે મુજબ વંચાણમાં લીધા ક્રમાંક.(૨) ના ઠરાવોથી વિકાસ દર ત્રણ વર્ષના જે તે સમયગાળા માટે સુધારવામાં આવેલ છે. આથી તા.૧/૧૨/૨૦૦૨ ના રોજથી નવો વિકાસ દર નક્કી કરવાની બાબત કેટલાક સમયથી સરકારશ્રીની સક્રિય વિચારણા હેઠળ હતી.

**ઠરાવ:–**

સરકારશ્રીએ પુખ્ત વિચારણાના અંતે તા.૧/૧૨/૯૯ થી ૩૦/૧૧/૨૦૦૨ સુધીના સમયગાળા માટેના રૂા.૮૦૦/– ( અંકે રુપિયા આઠસો પુરા ) ના વિકાસ દરમાં સુધારો કરીને ગાંધીનગર શહેરની સઘળા પ્રકારની જમીનનો વિકાસ દર હવે પ્રતિ ચો.મી. ના રૂા.૯૦૦/– (અંકે રુપિયા નવસો પુરા) નીચેની શરતોને આધીન રહીને નક્કી કરવા નિર્ણય કરેલ છે.

૧. આ સુધારેલ વિકાસ દર તા.૧/૧૨/૨૦૦૨ ના રોજ થી અમલમાં આવશે અને તા.૩૦/૧૧/૨૦૦૫ સુધી અમલમાં રહેશે.
૨ દર ત્રણ વર્ષે નવો વિકાસ દર નક્કી કરવાનો રહેશે તેમજ મા.મ.વિભાગનો તા.૨૯/૬/૮૮ નો ઠરાવ ક્રમાંક:એલએનડી/૧૦૭૯/૫૯૦/ભાગ–૩/આર, તેટલા અંશે સુધારેલ ગણવો.
૨/– આ હુકમો આ વિભાગનાં સરખા ક્રમાંકના ફાઈલ પર અગ્રસચિવશ્રી (નાણાં) ની તા.૧૪/૮/૨૦૦૩ ના રોજ મળેલ સંમતિ અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે.

(એસ.એમ.પંચાલ)
સેકશન અધિકારી
માર્ગ અને મકાન વિભાગ

.....૨....